# ધારાવીમાં મસ્જિદનું અનધિકૃત બાંધકામ ટ્રસ્ટીઓ જ તોડાવી રહ્યા છે


(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધારાવીમાં મસ્જિદમાં ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા બાંધકામને તોડી પાડવાનું કામ સોમવારે મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા ચાલુ કરવામાં આવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

ધારાવીમાં આવેલી મસ્જિદમાં ગેરકાયદે રીતે ઉપરના માળા ચણી દેવામાં આવ્યા હતા. આ ગેરકાયદે બાંધકામને તોડી પાડવા માટે સુધરાઈએ તેમને નોટિસ ફટકારી હતી. ૨૧ સપ્ટેમ્બરના સ્થાનિક રહેવાસીઓના વિરોધને પગલે વાતાવરણમાં તંગદીલી ફેલાઈ ગઈ હતી. છેવટે મસ્જિદના ટ્રસ્ટીઓએ સુધરાઈના અધિકારીઓ સાથે બેઠક કરીને થોડી મુદત માગીને જાતે જ ગેરકાયદે બાંધકામ તોડી પાડવાનું આશ્વાસન આપતા સુધરાઈએ તેની ડિમોલિશનનું કામ અટકાવી દીધું હતું. પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીના જણાવ્યા મુજબ સુધરાઈના માર્ગદર્શનમાં ગેરકાયદે બાંધકામને તોડી પાડવાનું કામ તેના ટ્રસ્ટીઓ દ્વારા જ કરવામાં આવી રહ્યું છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સોમવાર સવારથી તોડવાનું કામ ચાલી કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦ ફૂટથી ઊંચા ગુંબજને તોડવામાં આવી રહ્યો છે. હજી ૨૫ ફૂટનું બાંધકામ તોડી પાડવાનું કામ બાકી છે. ■




## અકસ્માતમાં મૃત્યુ પામેલા બાઇકરના પરિવારને સાડા ચાર કરોડનું વળતર

થાણે: મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલે શનિવારે યોજાયેલી લોક અદાલતમાં નવી મુંબઈના પનવેલ-મુંબ્રા રોડ પર બે વર્ષ પહેલાં ટ્રક સાથે અથડામણમાં મૃત્યુ પામેલા બાઇક સવારના પરિવારને ૪.૫ કરોડ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો. નવા પનવેલમાં ખાંદા કોલોની રહેતો ૩૭ વર્ષીય પંકજ એક વિદેશી કંપની, ઈન્ગ્રામ માઈક્રો ઈન્ડિયા એસએસસી પ્રાઈવેટ લિમિટેડ, કાંજુરમાર્ગમાં કામ કરતો હતો. ૯ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ, તે કામ માટે પનવેલ-મુંબ્રા રોડ પર બાઇક પર જઈ રહ્યો હતો ત્યારે એક ટ્રકે તેની બાઇકને ટક્કર મારી હતી, જેમાં તેનું મોત થયું હતું. આ મામલે નવી મુંબઈના કળંબોલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં પંકજના પરિવારે અકસ્માત કોર્ટમાં વળતર માટે દાવો કર્યો હતો. થાણેની જિલ્લા સેશન્સ કોર્ટ દ્વારા આયોજિત લોક અદાલતમાં શનિવારે આ દાવાની સુનાવણી થઈ હતી. આ સુનાવણીમાં કોર્ટે પંકજના પરિવારને સાડા ચાર કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ જજ એસ.એન. શાહે આપ્યો હતો. ■

## મહારાષ્ટ્રના મિનિ ઔરંગઝેબ છે શરદ પવાર : ભાજપ

મુંબઈ: ભાજપના ધારાસભ્ય ગોપીચંદ પડળકરે ફરી એકવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) શરદ પવાર જૂથના અધ્યક્ષ શરદ પવાર પર નિશાન સાધી ઝેરીલી ટીકા કરી છે. શરદ પવાર રાજ્યના મિનિ ઔરંગઝેબ છે. શરદ પવારે પોતાના જીવનમાં માત્ર બે જ વાર રાયગડની મુલાકાત લીધી છે. હાલમાં જ શરદ પવારની સામે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા કે અહમદનગરનું નામ અહમદનગર જ રહેવા દેવું જોઈએ. આવા નારા લગાવનારા લોકો છે કોણ? આની તપાસ થવી જોઈએ. એટલું જ નહીં, શરદ પવારે જ ધનગર સમાજની અવદશા કરી છે એવી આકરી ટીકા વિધાનસભ્ય ગોપીચંદ પડળકરે કરી છે. આક્રમક શૈલીમાં પડળકરે વધુમાં જણાવ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસે પવારની દુકાનને તાળું મારી દીધું એની પીડા પવારને થાય છે. એટલે જ પવાર સાહેબ દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધી રહ્યા છે. ૫૦ વર્ષના રાજકારણમાં ક્યારેય શરદ પવાર ક્યારેય ૧૦૦ વિધાનસભ્યો પણ ચૂંટીને નથી લાવ્યા. ■

## થોડી હરિયાળી તો રહેવા દો: સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારના કાન આમળ્યા

### નવી મુંબઈનું ખુલ્લું મેદાન બિલ્ડરને અપાતા સુપ્રીમ કોર્ટ નારાજ

મુંબઈ: સુપ્રીમ કોર્ટે નવી મુંબઈમાં આવેલી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બાંધવા માટે અનામત એવી ખુલ્લા મેદાનની જગ્યા બિલ્ડરને આપવામાં આવતા સુપ્રીમ કોર્ટે તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી અને રાજ્ય સરકારનો બિલ્ડરને જમીન આપવાનો નિર્ણય દુર્ભાગ્યપૂર્ણ હોવાનું પણ જણાવ્યું હતું.

ભારતમાં હવે ખૂબ જ ઓછી હરિયાળી-લીલોતરી હોય તેવી જગ્યાઓ બચી છે તેવી ચિંતા પણ ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડની બેન્ચે વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે ૨૦૦૩માં રાજ્ય સરકારે ઘણસોલી ખાતે આવેલી ૨૦ એકરની જગ્યા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે અનામત જમીન બિલ્ડરને નિર્માણ કરવા માટે આપી હતી.

સરકારે નિયમોમાં ફેરફાર કરીને પ્રોગ્રેસિવ હોમ્સ નામના બિલ્ડર-ડેવલપરને આ જમીન આપી હતી અને સિડકોએ આ અંગે અધ્યાદેશ પણ બહાર પાડ્યો હતો. આ અધ્યાદેશ વિરુદ્ધ 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્કિટેક્ટ્સ' દ્વારા ૨૦૧૯માં હાઇ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. ૨૦૨૪માં હાઇ કોર્ટે આ મામલે રાજ્ય સરકારની વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો, જેને રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

આ અરજીની સુનાવણી કરતા ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ અને મનોજ મિશ્રાની બેન્ચે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી. જમીન બિલ્ડરને આપીને તમે પ્રસ્તાવિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ૧૧૫ કિલોમીટર દૂર રાયગઢના નાણોરે ખાતે બાંધવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય પરથી રાજ્ય સરકારનો ખોટો ઉદ્દેશ સ્પષ્ટ થાય છે. એટલે દૂર કોણ જવાનું છે? એવો સવાલ પૂછતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના નિર્ણયની ટીકા કરી હતી. ■

## મીરા-ભાયંદરમાં બાળકોનું જાતીય શોષણ કરીને ચાઇલ્ડ પોર્નોગ્રાફીનો ગોરખધંધો

ભાયંદર: બાળકોનું જાતીય શોષણ કરીને મીરા-ભાયંદર પાલિકાની હદમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફીનો ગોરખધંધો જોરમાં ચાલી રહ્યો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. શહેરના સાત સ્થળેથી ચાઇલ્ડ પોર્નોગ્રાફીના વીડિયો વિવિધ ડાર્ક સાઇટ પર અપલોડ કરવામાં આવ્યા હોવા સંદર્ભેનો પત્ર મહારાષ્ટ્ર રાજ્ય સાયબર સેલે મીરા-ભાયંદર પોલીસને આપ્યા બાદ આરોપીને પકડવા માટે પોલીસ દ્વારા રેઇડ પાડવામાં આવી હતી. તમામ વીડિયો સ્ટુડિયોમાં તૈયાર કરાયા હોવાની શંકા વ્યક્ત કરાઇ હોવાથી પોલીસે શહેરમાંના શંકાસ્પદ સ્ટુડિયોની તલાશી લેવાનું શરૂ કર્યું છે. આ પ્રકરણે ક્રાઇમ બ્રાન્ચે તમામ પોલીસ સ્ટેશનોને સતર્ક રહેવાના આદેશ આપ્યા છે. નેશનલ સેન્ટર ફોર મિસિંગ એન્ડ એક્સપ્લોઇડ ચિલ્ડ્રન, નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ, મહારાષ્ટ્ર રાજ્ય સાયબર સેલ દ્વારા ચાઇલ્ડ પોર્નોગ્રાફી પર નજર રાખવામાં આવી રહી છે. મહારાષ્ટ્ર સાયબર સેલના માધ્યમથી કરાયેલી તપાસમાં મીરા રોડ, ભાયંદર, અર્નાળા, નાયગાંવ, નાલાસોપારા સહિત સાત સ્થળેથી ચાઇલ્ડ પોર્નોગ્રાફીના વીડિયો ડાર્ક વેબસાઇટ પર અપલોડ થયાનું સામે આવ્યું છે. ■

## આશુ પટેલ અને સુભાષ ઠાકરનાં પુસ્તકોનું લોકાર્પણ



મુંબઇ: નવભારત સાહિત્ય મંદિર - મુંબઈ દ્વારા પ્રકાશિત પત્રકાર-લેખક-ફિલ્મમેકર આશુ પટેલનાં ૮ પુસ્તકો અને હાસ્યકાર-લેખક સુભાષ ઠાકરનાં ૩ પુસ્તકો એમ કુલ ૧૧ પુસ્તકોનું લોકાર્પણ મુંબઈના ભવન્સ કોલેજ કેમ્પસસ્થિત ભવન્સ કલ્ચરલ સેન્ટર દ્વારા હકડેઠઠ ભરાયેલા એસ.પી. જૈન ઓડિટોરિયમમાં ૨૧ સપ્ટેમ્બરની સાંજે યોજાયું હતું.

આશુભાઈની બેસ્ટ સેલર બુક સુખનો પાસવર્ડની ૧૪મી આવૃત્તિ લોન્ચ થઈ. એ વખતે પ્રકાશક નવભારત સાહિત્ય મંદિરના માલિક અશોકભાઈએ આગ્રહ કરીને આશુભાઈને કહ્યું કે તમારે આજે આ પુસ્તક વિશે વાત કરવી જ પડશે.

આશુભાઈએ દોઢ વર્ષ ડિપ્રેશનનો સમય, સ્વજનો - ગીતા માણેક, ડોક્ટર મુકુલ ચોકસી, મનોજ મિસ્ત્રી, બી. કે. પંડ્યા, સંજય ત્રિવેદી જેવા મિત્રોના સાથ - સંગાથથી ફરી લેખનની દુનિયામાં પ્રવેશ અને 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેના આમંત્રણથી કઈ રીતે સુખનો પાસવર્ડ કોલમ શરૂ થઈ એની વાત વર્ણવી હતી.

નવભારત સાહિત્ય મંદિરના માલિક અશોક શાહે ભવન્સના લલિતભાઈ શાહ, પ્રવીણ સોલંકી સહિત તમામ મહાનુભાવો અને વાચકોનો આભાર માન્યો હતો. ■

## સોફિયા સ્કૂલ ICSE બોરીવલી દ્વારા ઉત્સાહપૂર્ણ દોડ યોજાઈ



મુંબઈ: રૂટ પસંદગી, પરમિટો અને સ્વયંસેવકોની ભરતીને સમાવતા મહિનાઓ પહેલાના આયોજન સાથે, સોફિયા સ્કૂલ ICSE, બોરીવલી દ્વારા રવિવાર, ૨૯મી સપ્ટેમ્બરના રોજ તમામ વય જૂથના લોકો માટે ઉદ્દેશ્ય ૨૦૨૪ સાથે એક ઉત્સાહપૂર્ણ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. શારીરિક તંદુરસ્તી અને સામુદાયિક ભાવનાને પ્રોત્સાહન આપવા માટે આ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

શારીરિક શિક્ષણ પ્રશિક્ષકો અને નૃત્ય શિક્ષકોની આગેવાની હેઠળ ૬૦૦થી વધુ સહભાગીઓ શાળાના રમતગમતના મેદાનમાં વોર્મ અપ અને ઝુમ્બા સત્ર માટે વહેલી સવારે એકઠા થયા હોવાથી વાતાવરણ ઈલેક્ટ્રિક હતું. ૧૦ કિમી, ૫ કિમી સમયસર અને સમય વિનાની, ૨ કિમી અને એક કિલોમીટરની મનોરંજક દોડ જેવી વિવિધ કેટેગરીઓ માટે તૈયાર કરાયેલા દોડવીરો સાથે સમયસર દોડની શરૂઆત થઈ હતી, જેણે દરેકને પોતાની ગતિએ દોડવાની મંજૂરી આપી હતી. બોરીવલીમાં આયોજિત આ સૌપ્રથમ દોડ હોવાથી સહભાગીઓને ઉત્સાહિત કરતા દરેક વ્યક્તિ સાથે સમુદાયની ભાવના સ્પષ્ટ હતી. ઍવૉર્ડ સમારંભ સાથે કાર્યક્રમનું સમાપન થયું. વિજેતાઓને માત્ર પુરસ્કાર જ નહીં પરંતુ મહાનુભાવો અને સ્વયંસેવકોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક વ્યક્તિ પહેલાથી જ આવતા વર્ષની ઇવેન્ટની રાહ જોવાની સાથે દિવસ ખૂબ જ સારી રીતે સમાપ્ત થયો હતો. ■




## પૂર્વ કેન્દ્રીય પ્રધાન દાનવેની પુત્રીની કારનો અકસ્માત

મુંબઈ: મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં સોમવારે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને વરિષ્ઠ ભાજપ નેતા રાવસાહેબ દાનવેની પુત્રીની એસયુવી અકસ્માતનો ભોગ બની હતી. જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. દાનવેની પુત્રી સંજના જાધવની એસયુવીને લગભગ ૩૭૦ કિલોમીટર દૂર ચાલીસગાંવના રાજનાંદગાંવ ફાટા પાસે ધુલે-સોલાપુર હાઈવે પર બપોરે ૩ વાગ્યે એક પીક-અપ વાહને સામેથી ટક્કર મારી હતી. અથડામણમાં કોઈને ઈજા થઈ ન હતી. જોકે એસયુવી અને પિક-અપ ટ્રકને નુકસાન થયું હતું. જાધવ છત્રપતિ સંભાજીનગર જઈ રહ્યા હતા. ચાલીસગાંવ ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે,'' એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

## રોકાણકાર સાથે ૨.૧૭ કરોડની છેતરપિંડી: કેતન પારેખ અને મહિલા વિરુદ્ધ ગુનો

મુંબઈ: અંધેરીમાં રહેતા શૅર માર્કેટ ઈન્વેસ્ટર સાથે ૨.૧૭ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી બદલ વર્સોવા પોલીસે ભૂતપૂર્વ શૅરબ્રોકર કેતન પારેખ અને મહિલા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ ગુનો તપાસ માટે આર્થિક ગુના શાખાને સોંપવામાં આવે એવી શક્યતા છે. અંધેરી પશ્ચિમના ડી. એન. નગર ખાતે રહેતા સંજય ભાગચંદાની (૪૭)એ નોંધાવેલી ફરિયાદને આધારે વર્સોવા પોલીસે શનિવારે કેતન પારેખ અને અરીબા શેખ સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦ અને ૩૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ફરિયાદીની ઓળખીતી મહિલા અરીબા શેખે ૨૦૨૦માં ફરિયાદીની ઓળખાણ કેતન પારેખ સાથે કરાવી હતી. પારેખ અમુક કંપનીના શૅર્સ ઑપરેટર હોવાથી તેમના મારફત શૅરબજારમાં રોકાણ કરવાથી સારો નફો મળશે, એમ શેખે ફરિયાદીને કહ્યું હતું. શેખ પર વિશ્વાસ રાખીને ફરિયાદીએ પારેખ મારફત શૅર્સમાં રોકાણ કરવાનું નક્કી કર્યું હતું. ફરિયાદમાં જણાવાયું હતું કે જૂન, ૨૦૨૧માં અંધેરીના વર્સોવા સ્થિત ફ્લૅટમાં ફરિયાદીએ શેખને શૅર્સમાં રોકાણ માટે પંચાવન લાખ રૂપિયા આપ્યા હતા. બાદમાં બીજી કંપનીના શૅર્સમાં રોકાણ કરવા ફરિયાદીએ નવેમ્બર, ૨૦૨૧માં જૂનું સોનું વેચીને ૭૧.૮૫ લાખ રૂપિયા શેખના બૅન્ક ખાતામાં જમા કરાવ્યાનો દાવો કર્યો હતો.

શૅર્સમાં રોકાણ કરવા પોતે આપેલાં નાણાં સંદર્ભે ફરિયાદીએ પૂછતાં એ નાણાંમાંથી કેતન પારેખે રેન્જ રોવર કાર ખરીદવા કહ્યું હોવાનું શેખે જણાવ્યું હતું. પછી એ કાર પારેખે ગિફ્ટમાં આપી હોવાનું પણ શેખે કહ્યું હતું. ઓળખાણ હોવાથી મહિલા પર વિશ્વાસ રાખીને બીજી બે કંપનીના શૅર્સમાં રોકાણ કરવા માટે જાન્યુઆરી, ૨૦૨૨થી જૂન, ૨૦૨૨ દરમિયાન ફરિયાદીએ ૪૯ લાખ રૂપિયા અરીબા શેખના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. એ જ રીતે મેથી જુલાઈ, ૨૦૨૩ દરમિયાન ૩૭ લાખ રૂપિયા શેખને આપ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. રોકાણ કરેલી રકમ પરના નફા અંગે વારંવાર પૂછપરછ કરવા છતાં ફરિયાદીને ઉડાઉ જવાબ મળતા હતા. આખરે ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ફરિયાદી કેતન પારેખના ઘરે પહોંચી ગયો હતો, જેને પગલે પારેખે દક્ષિણ મુંબઈની એક હોટેલમાં ફરિયાદી સાથે મીટિંગ કરી હતી. મીટિંગમાં ૪૨ લાખ રૂપિયા અને એક લાખના શૅર્સ આપવાનું આશ્વાસન પારેખે આપ્યું હતું.

કેતન પારેખ સાથે ફોન પર થયેલી વાતચીતનું ફરિયાદીએ રેકોર્ડિંગ કરી લીધું હતું, જેની ઓડિયો ક્લિપ પોલીસને આપવામાં આવી હોવાનું કહેવાય છે. આ રીતે કેતન પારેખ અને મહિલાએ ૨.૧૭ કરોડ રૂપિયા કથિત રીતે પડાવ્યા હોવાની લેખિત ફરિયાદ પોલીસને અપાઈ હતી. વર્સોવા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ તેમ જ ફરિયાદીના ભાઈએ વકીલ મારફત નોટિસ મોકલાવી એ બાબતે રોષે ભરાઈ પારેખે ફરિયાદી વિરુદ્ધ ખોટો કેસ કરવા શેખને ઉશ્કેરી હતી. એપ્રિલ, ૨૦૨૪માં ફરિયાદી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો, જેમાં સેશન્સ કોર્ટે આગોતરા જામીન આપ્યા હતા, એવું એફઆઈઆરમાં જણાવાયું હતું. ■






Deepak Somaiya

## બારામતીના કૉલેજ કૅમ્પસમાં કોયતાના ઘા ઝીંકી વિદ્યાર્થીની કરપીણ હત્યા

પુણે: પુણે જિલ્લાના બારામતી ખાતે બનેલી આંચકાજનક ઘટનામાં ૧૨મા ધોરણના વિદ્યાર્થીની ક્લાસમેટે કૉલેજ કૅમ્પસમાં જ કોયતાના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી હતી. મૃતક અને આરોપી સગીરના વયના છે અને પોલીસે ગુનો નોંધી શકમંદને તાબામાં લીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બારામતીની તુળજારામ ચતુરચંદ કૉલેજમાં બની હતી. એક જ વર્ગમાં ભણતા બે વિદ્યાર્થી વચ્ચે કોઈક મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

રોષમાં આવી એક વિદ્યાર્થીએ બીજા પર કોયતાના ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. ગંભીર હાલતમાં નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલા વિદ્યાર્થીને તબીબે મૃત જાહેર કર્યો હતો.

પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કૉલેજ કૅમ્પસમાંથી જ હુમલો કરનારા વિદ્યાર્થીને તાબામાં લેવાયો હતો. ઘટનાને પગલે બારામતીની સંસદસભ્ય અને એનસીપી (એસપી) નેતા સુપ્રિયા સુળેએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે બારામતીની કૉલેજમાં ધોળે દહાડે યુવકની હત્યા થઈ એ આંચકાજનક અને કમનસીબ ઘટના છે. ■

